For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો : નરસિમ્હા કોમાર

# PM મોદીના વડોદરા આગમનને લઈ તંત્ર એલર્ટ

**'સરદારધામ'ના** ઉદ્ઘાટન પૂર્વે કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

આગામી 11મી મે ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાના પ્રવાસે આવી રહ્યા છે. વડોદરાના આંગણે યોજાનારા 'સરદારધામ'ના ભવ્ય ઉદ્ઘાટન કાર્યક્રમને ધ્યાનમાં રાખીને શહેર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. કાર્યક્રમને સફળ અને સુરક્ષિત બનાવવા માટે આજે શનિવારે દિવાળીપુરા સ્થિત નવીન કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, જિલ્લા કલેક્ટર, પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિવિધ વિભાગોના જવાબદાર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વડાપ્રધાનના આગમનથી લઈને કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધીની સમગ્ર સુરક્ષા વ્યવસ્થા, રૂટ મેનેજમેન્ટ અને ટ્રાફિક નિયંત્રણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

શહેર પોલીસ કમિશનરે મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે. કાર્યક્રમ સ્થળ તેમજ વડાપ્રધાનના રૂટ પર વિશેષ નજર રાખવા માટે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત મોનીટરીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. સુરક્ષા પ્રોટોકોલ અનુસાર તમામ વ્યવસ્થાઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં રિહર્સલ પણ યોજાશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે કાર્યક્રમ દરમિયાન કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે વિવિધ વિભાગો સાથે સંકલન સાધવામાં આવ્યું છે. જીએસઆરટીસી, વીએમસી, રેવન્યુ વિભાગ, એમજીવીસીએલ, ટ્રાફિક વિભાગ તેમજ વાહન પાર્કિંગ વ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર પણ વિશેષ ચર્ચા કરવામાં આવી છે. શહેરમાં વાહન વ્યવહાર સરળ રહે અને કાર્યક્રમમાં આવતા લોકો માટે સુવિધાજનક વ્યવસ્થા ઉભી થાય તે માટે તંત્ર દ્વારા આયોજનબદ્ધ કામગીરી હાથ ધરાઈ રહી છે. વડાપ્રધાનના આગમનને લઈને શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બીજી તરફ સુરક્ષા એજન્સીઓ દ્વારા કાર્યક્રમ સ્થળ અને આસપાસના વિસ્તારોનું નિરીક્ષણ શરૂ કરી દેવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ ચાલી રહી છે.





## એરપોર્ટથી રોડ-શો સુધી ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત, 1500થી વધુ પોલીસ કર્મચારીઓ રહેશે તૈનાત

**પીએમ** મોદીના આગમન સહિતના કાર્યક્રમ દરમિયાન SRPFની બે કંપની, હોમગાર્ડ ખડેપગે

(પ્રતિનિધિ) વડોદરા, તા.10:

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11 મેના રોજ વડોદરા શહેરના પ્રવાસે આવનાર હોવાથી શહેર પોલીસ તંત્ર દ્વારા વ્યાપક સુરક્ષા અને ટ્રાફિક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વડાપ્રધાનના એરપોર્ટ આગમન, રોડ-શો, કાર્યક્રમ સ્થળ, ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ અને ડાયવર્ઝન સહિતના તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

પોલીસ બંદોબસ્તમાં એક JCP, એક એડિશનલ CP, 10 DCP, 28 PI, 81 PSI, 317 ટ્રાફિક પોલીસ કર્મચારીઓ, 965 ASI/HC/PC, બે ચેતક કમાન્ડો ટીમ, SRPFની બે કંપની તેમજ 900 હોમગાર્ડના જવાનો તૈનાત રહેશે. ઉપરાંત શહેરની DCB, PCB, SOG, સાયબર સેલ અને મહિલા પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા સર્વેલન્સ અને સુરક્ષા પર સતત નજર રાખવામાં આવશે. આ બંદોબસ્તને લઈને આજરોજ હરણી-સમા રોડ સ્થિત જય અંબે સ્કૂલ ખાતે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના અધ્યક્ષસ્થાને તમામ અધિકારીઓની બ્રિફિંગ બેઠક યોજાઈ હતી. બેઠકમાં સુરક્ષા, ટ્રાફિક નિયમન અને કાયદો-વ્યવસ્થાને લઈને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. શહેર પોલીસ દ્વારા નાગરિકોને ટ્રાફિક એડવાઈઝરીનું પાલન કરવા પણ અપીલ કરવામાં આવી છે.

## પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સરદારધામ ખાતે વ્યવસ્થાઓનું કર્યું નિરીક્ષણ : બેઠક યોજી

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 11 મેના રોજ વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે, જ્યાં તેઓ નવનિર્મિત સરદારધામનું લોકાર્પણ કરશે. વડાપ્રધાનના આગમનને લઈને શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

કાર્યક્રમની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા માટે જગદીશ વિશ્વકર્મા આજે વડોદરા પહોંચ્યા હતા. તેમણે સરદારધામ ખાતે સ્થળ નિરીક્ષણ કરી સ્ટેજ વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા તેમજ સુરક્ષા મુદ્દાઓની સમીક્ષા કરી હતી. તેમણે વડાપ્રધાનનું સ્વાગત ભવ્ય અને યાદગાર બનાવવા પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ તેમણે વહીવટી અધિકારીઓ, ભાજપ



સંગઠનના પદાધિકારીઓ અને સ્થાનિક ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન વડાપ્રધાનના રૂટ પર લોકસ્વાગત, સાંસ્કૃતિક કાર્યક્રમો, ટ્રાફિક વ્યવસ્થા તથા જનસુવિધા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં વધુ લોકો કાર્યક્રમમાં જોડાઈ શકે તે માટે કાર્યકરોને પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લોકાર્પણ થનાર સરદારધામ શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિઓનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ વડાપ્રધાનના આગમનને પગલે શહેરમાં રસ્તાઓના સમારકામ, સફાઈ અને સુરક્ષા વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

### પળવારમાં ભભૂકી ઊઠેલી આગ વિકરાળ બનતા કાર સંપૂર્ણ સળગીને ખાક

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કાર બની આગનો ગોળો, ચાલક જીવતા ભડથું થયો

**બહાર** નીકળવાનો મોકો ન મળતા ચાલકનું કરુણ મોત

(પ્રતિનિધિ) વડોદરા તા. 9

દિલ્હી-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર શનિવારે સવારે હૃદયદ્રાવક ઘટના બની છે. હાઈવે પરથી પસાર થઈ રહેલી એક કારમાં અચાનક અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોતા જોતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આખી કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી. કારમાં સવાર ચાલક ગભરાઈ જતા સમયસર બહાર નીકળી શક્યા નહોતા અને આગમાં જીવતા જ ભડથું થઈ જતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ફાયર બ્રિગેડે આગ ઓલવ્યા બાદ ચાલકની લાશને બહાર કાઢી પોલીસને સોપતા પોલીસે



પીએમ કરાવવાની તજવીજ હાથ ધરી છે.

દિલ્હી મુંબઈ ભારત માલા એક્સપ્રેસ હાઈવે પર પાદરા પાસેથી શનિવારના રોજ સવારના સમયે પસાર થઈ રહેલી કારમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. થોડા જ સમયમાં આગે આખી કારને ઘેરી લીધી હતી.

આગ એટલી ભયાનક હતી કે આસપાસથી પસાર થતાં વાહનચાલકો પણ થોડીવાર માટે થંભી ગયા હતા અને હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં વડોદરા ફાયર બ્રિગેડની વાસણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે સળગી ખાખ થઈ ગઈ હતી.

આ ઘટનાની જાણ પોલીસને થતાં સ્થાનિક પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે કારમાંથી સળગેલી હાલતમાં મૃતદેહ બહાર કાઢી કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. હાલ પોલીસે આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે કાર ચાલક આગ લાગતા ગભરાઈ ગયા હતા, દરવાજા લોક થઈ જવાના કારણે તેઓ બહાર નીકળી નહીં શક્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

### ભાડાનું 'ભૂત' ધૂણ્યું : સત્તાધીશોની વિચારશક્તિ ગરમીમાં ઓગળી ગઈ કે પછી ખર્ચમાં ભાગીદારી?

# SSGHમાં ગરમીથી બચાવવા માટેના વોર્ડમાં જ એસી બંધ, ઉકેલના નામે લાખોનો ધુમાડો

**નવા** કૂલર વસાવવા કરતા બમણું ભાડું ચૂકવવાની ઉતાવળ કેમ? શું આ ભ્રષ્ટાચારના એસીમાં બેઠેલા અધિકારીઓનો કારસો છે?



(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડોદરા : સયાજી હોસ્પિટલ ફરી એકવાર તેના વહીવટને લઈને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ તરીકે ઓળખાતી સયાજી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા કરતા શંકાસ્પદ ખર્ચાઓને વધુ પ્રાધાન્ય આપવામાં આવતું હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.

માહિતી મુજબ હોસ્પિટલ તંત્ર દ્વારા 50 એર કૂલર માત્ર બે મહિના માટે ભાડે લેવામાં આવ્યા છે, જેના બદલામાં અંદાજે 13.50 લાખનું ભાડું ચૂકવવામાં આવશે. સામાન્ય બજાર ભાવ મુજબ એક સારા ક્વોલિટીના કૂલરની કિંમત 12 હજારથી 15 હજાર જેટલી હોય છે. એ મુજબ આ જ રકમમાં 90થી 100 નવા કૂલર ખરીદી શકાય તેવી ચર્ચા ચાલી રહી છે. વિરોધીઓ અને દર્દીઓના સગાઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે જો આટલી મોટી રકમ ખર્ચવાની હતી તો કાયમી ખરીદી કેમ કરવામાં આવી નહીં? બે મહિનાના ભાડા પાછળ કોને ફાયદો પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે તે મુદ્દે પણ ચર્ચા ગરમાઈ છે. ગરમીના વધતા પ્રકોપ વચ્ચે હીટ સ્ટ્રોકના દર્દીઓ માટે સ્પેશિયલ વોર્ડ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલના કેટલાક વિસ્તારોમાં એસી બંધ હાલતમાં હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. 40થી 42 ડિગ્રી તાપમાન વચ્ચે દર્દીઓને પૂરતી ઠંડક ન મળતા સારવાર વ્યવસ્થા સામે પણ સવાલો ઉભા થયા છે. હોસ્પિટલના સૂત્રોમાં એવી પણ ચર્ચા છે કે નવી ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયા અને મંજૂરીમાં સમય લાગતો હોવાથી ભાડા પદ્ધતિ અપનાવવામાં આવી છે. જોકે, આ નિર્ણય વહીવટી સુવિધા છે કે પછી કોઈને લાભ પહોંચાડવાનો પ્રયાસ, તે મુદ્દે પારદર્શક તપાસની માંગ ઉઠી રહી છે.

## ધો.10ના પરિણામ બાદ ગુણ ચકાસણી માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ

**15 મે** સાંજે 5 વાગ્યા સુધી બોર્ડની વેબસાઈટ અરજી પર કરી શકાશે

**વિદ્યાર્થીઓ** છેલ્લી તારીખની રાહ જોયા વિના વહેલી તકે અરજી કરી દે તેવી સલાહ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની ફેબ્રુઆરી-માર્ચ 2026ની પરીક્ષાનું પરિણામ તા. 6ના રોજ જાહેર કરવામાં આવ્યું છે. પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા માંગતા હોય તેમના માટે બોર્ડે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ કરી છે.

ગુણ ચકાસણીની અરજી આજથી તા. 15 મે સુધીના ના રોજ સાંજના 17:00 કલાક સુધી બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org અથવા ssc.gseb.org પર રજીસ્ટ્રેશન કરીને ઓનલાઈન કરી શકાશે. બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઓનલાઈન માધ્યમ સિવાય અન્ય કોઈ રીતે અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણ ચકાસણીની નિયત ફી ઓનલાઈન એસબીઆઈ ઈપે સિસ્ટમ મારફતે ક્રેડિટ,ડેબિટ કાર્ડ , નેટ બેન્કિંગ દ્વારા અથવા ઈપેના એસબીઆઈ બ્રાન્ચ પેમેન્ટ ઓપ્શન દ્વારા દેશની કોઈપણ એસબીઆઈ બ્રાન્ચમાં ભરી શકાશે. બોર્ડે તમામ આચાર્યઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સંબંધિતોને આ બાબતની નોંધ લેવા જણાવ્યું છે. વિદ્યાર્થીઓ છેલ્લી તારીખની રાહ જોયા વિના વહેલી તકે અરજી કરી દે તેવી સલાહ આપવામાં આવી છે.

### PM મોદીના ભવ્ય રોડ-શો પૂર્વે વહીવટી તંત્ર એક્શન મોડમાં

# PMના રોડ શોના રૂટ પર દબાણ શાખાનો સપાટો હરણી વિસ્તારમાં દબાણોનો કરાયો સફાયો

**નડતરરૂપ** સ્થાયી અને અસ્થાયી કાચા-પાકા શેડ, કેબિનો, લારી-ગલ્લા તેમજ વધારાના બાંધકામો દૂર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી દિવસોમાં વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. શહેરમાં યોજાનારા તેમના ભવ્ય રોડ-શોને યાદગાર અને અવરોધરહિત બનાવવા માટે વહીવટી તંત્રના તમામ વિભાગો રાત-દિવસ એક કરી રહ્યા છે. સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે આજે પાલિકાની દબાણ શાખા દ્વારા રોડ-શોના નિયત રૂટ પર સપાટો બોલાવવામાં આવ્યો હતો.

પાલિકાની દબાણ શાખાની ટીમો શનિવારે સવારથી જ કાફલા સાથે





હરણી વિસ્તારમાં ત્રાટકી હતી. રોડ-શોના રૂટ પર આવતા તમામ નાના-મોટા નડતરરૂપ દબાણોને હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી.

હરણી પોલીસ સ્ટેશનથી લઈને હરણી તળાવ પાસે આવેલા સુલભ શૌચાલય સુધીના મુખ્ય માર્ગ પર ઓપરેશન હાથ ધરાયું હતું. રસ્તા પર નડતરરૂપ સ્થાયી અને અસ્થાયી કાચા-પાકા શેડ, કેબિનો, લારી-ગલ્લા તેમજ વધારાના બાંધકામો પર પાલિકાએ દૂર કર્યા હતા.

વડાપ્રધાનના પ્રસ્તાવિત રૂટ પર કોઈ પણ પ્રકારનો અવરોધ ન રહે અને જનમેદનીને હાલાકી ન પડે તે માટે તંત્ર દ્વારા અગાઉથી જ પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. રોડ-શો દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અને પાલિકા સંકલનમાં રહીને કામ કરી રહ્યા છે.

એક તરફ દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે, તો બીજી તરફ સમગ્ર રૂટને શણગારવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. રોડ રિપેરિંગ, સ્ટ્રીટ લાઈટોનું ચેકિંગ અને આસપાસના વિસ્તારની સફાઈ પ્રક્રિયા તેજ બનાવી દેવામાં આવી છે. વડાપ્રધાનના સ્વાગત માટે વડોદરાવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# પારો 43 ડિગ્રીને પાર : બે દિવસ ચલો એલર્ટ જાહેર

**અંગ** દઝાડતી ગરમીને પગલે શહેરીજનોએ બહાર નીકળવાનું ટાળ્યું



(પ્રતિનિધિ) વડોદરા,તા.9

શહેરમાં હવે સૂર્યદેવ આકરા મિજાજમાં જોવા મળશે. શનિવારે વડોદરા શહેરમાં આકાશમાંથી અગનગોળા વરસ્યા હતા. ગરમીનો પારો વધીને 43.4 ડિગ્રીએ પહોંચ્યો હતો. જ્યારે, ન્યુનત્તમ પારો 27.8 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 44 ટકા અને સાંજે 21 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી તાજી આગાહી મુજબ, આગામી ચાર દિવસોમાં વડોદરા સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ગરમીનો પારો 43 ડિગ્રીને પાર કરી જવાની શક્યતા છે. ખાસ કરીને વડોદરા શહેરમાં ગરમીનું પ્રમાણ 44 ડિગ્રી સુધી પહોંચી શકે છે, જેના કારણે નાગરિકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે. હવામાન વિભાગે રાજ્યમાં 15 મે સુધી આકરી ગરમી પડવાની આગાહી વ્યક્ત કરી છે. 10 મેથી એટલે કે કાલથી રાજ્યના મોટાભાગના શહેરોમાં હીટવેવની શક્યતાને પગલે યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. હાલ ગરમીનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે અને તેના કારણે જનજીવન પર ગંભીર અસર જોવા મળી રહી છે. કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે અને 6 થી વધુ શહેરોમાં તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે. ગરમીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વડોદરા શહેરમાં 10 મે અને 11 મે સુધી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બીમાર વ્યક્તિઓને બપોરના સમયે ઘરની બહાર ન નીકળવા તેમજ સતત પ્રવાહી લેતા રહેવાની સલાહ આપવામાં આવી છે.

### તંત્રની રહેમનજરે નદીના શ્વાસ રૂંધવાનું સુનિયોજિત કાવતરું

# કરોડોના આંધણ છતાં વડોદરાના નસીબમાં પૂર?

**તંત્રની** ઉંઘ ક્યારે ઉડશે? જનતાના ટેક્સના કરોડો રૂપિયા નદી સાફ કરવા વપરાય છે કે નદીને કચરામાં દફનાવવા ?

**માંજલપુરથી** અટલાદરા સુધી PoP, કાચ અને બાંધકામના કાટમાળનું જોખમી સામ્રાજ્ય,

**એક તરફ** નદી બચાવવાના પોલા દાવા, બીજી તરફ કાંસોમાં કચરો ઠાલવીને રસ્તા બનાવવાની ભૂમાફિયાઓની પેરવી

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડોદરાના શાસકો અને વહીવટી તંત્રની કથની અને કરણી વચ્ચેનો તફાવત હવે શહેરના નકશા પર 20 ફૂટ ઊંચા કચરાના ઢગલા સ્વરૂપે દેખાઈ રહ્યો છે. એક તરફ રાજ્ય સરકાર અને કોર્પોરેશન વિશ્વામિત્રી નદીના શુદ્ધિકરણ અને રિવાઈવલ માટે 1200 કરોડ જેવી માતબર રકમ ખર્ચવાના હવાઈ કિલ્લા બાંધી રહી છે, ત્યારે બીજી તરફ નદીના અસ્તિત્વ સમાન કુદરતી કાંસો અને પૂરના મેદાનોમાં કચરો ઠાલવીને તેને કાયમી ધોરણે પૂરી દેવાનું પાપ ચાલી રહ્યું છે.

વિશ્વામિત્રી અદિતિ વિદ્યાલયથી લઈને માંજલપુર સનસિટી અને વિશ્વામિત્રી ટાઉનશીપ સુધીના પટમાં જે દ્રશ્યો જોવા મળી રહ્યા છે તે કોઈપણ પર્યાવરણ પ્રેમીની આંખમાં પાણી લાવી દે તેવા છે. અહીં માત્ર માટી નથી નંખાઈ રહી,



પણ બાંધકામનો વેસ્ટ, પ્લાસ્ટર ઓફ પેરિસ (PoP), કાચના ટુકડા અને ઘાતક પ્લાસ્ટિકનો ખડકલો કરવામાં આવ્યો છે. નદીના કુદરતી કાંસ એ શહેરની 'નસો' સમાન છે. આ 20-20 ફૂટ ઊંચા કચરાના પહાડોએ નદીના શ્વાસ રૂંધી દીધા છે.

વિશ્વામિત્રી એ વિશ્વમાં મગરોની વસ્તી માટે જાણીતી નદી છે. આ કચરો જ્યારે વરસાદી પાણીમાં ભળશે, ત્યારે તેમાંથી નીકળતા કેમિકલ્સ અને PoP નદીના પાણીને ઝેરી બનાવશે. આ માત્ર પર્યાવરણનો પ્રશ્ન નથી, પણ અબોલ જીવોની હત્યાનું આયોજનબદ્ધ કાવતરું છે.

તંત્રની આ ઘોર બેદરકારીની કિંમત વડોદરાના મધ્યમવર્ગીય પરિવારોએ ચૂકવવી પડશે. જો કુદરતી વહેણ જ બંધ કરી દેવામાં આવશે, તો પાણી ક્યાં જશે ? ખિસકોલી સર્કલ, મુંજમહુડા, અટલાદરા, વડસર, સમ્રાજ્ય સોસાયટી અને વિશ્વામિત્રી ટાઉનશીપના રહીશો માટે આવનારું ચોમાસું ભયાનક બની શકે છે. નજીવા વરસાદમાં પણ આ વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાવા એ હવે માત્ર સંભાવના નથી, પણ નિશ્ચિતતા બની ગઈ છે.

વડોદરાની જનતા હવે જાગી છે. "નદી બચાવો" ના નારાઓ વચ્ચે જો નદીને જ ખતમ કરવામાં આવતી હોય, તો આ સરકાર અને તંત્રની સૌથી મોટી નિષ્ફળતા છે. જો આ ગેરકાયદે દબાણો અને કચરાના ઢગલાઓ યુદ્ધના ધોરણે દૂર કરવામાં નહીં આવે, તો વડોદરાવાસીઓએ 'માનવસર્જિત પૂર' માટે તૈયાર રહેવું પડશે. તંત્ર જાગે તે પહેલાં ક્યાંક મોડું ન થઈ જાય !

### ઓનલાઈન શોપિંગમાં યુવક સાથે છેતરપિંડી

# પ્રિન્ટરના બદલે પાર્સલમાંથી નીકળ્યા બલ્બ અને લખોટીઓ

**રૂપિયા** ચૂકવી ડિજિટલ પ્રિન્ટર મંગાવ્યું, ડિલિવરી બાદ પાર્સલ ખોલતા યુવક ચોંકી ઉઠ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.9

હાલના સમયમાં લોકો ઓનલાઈન શોપિંગ તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે, પરંતુ ઓનલાઈન ખરીદી દરમિયાન સાવચેતી રાખવી કેટલી જરૂરી છે તેનો એક ચોંકાવનારો કિસ્સો વડોદરામાં સામે આવ્યો છે. શહેરના એક યુવકે ઓનલાઈન ડિજિટલ પ્રિન્ટર ઓર્ડર કર્યું હતું અને તેની સંપૂર્ણ રકમ પણ ઓનલાઈન ચૂકવી દીધી હતી.

આ દરમિયાન આજે સાંજના સમયે ડિલિવરી બોય યુવકના ઘરે પાર્સલ પહોંચાડી ગયો હતો. જોકે, ડિલિવરી બોય પાર્સલ ચેક કરાવ્યા વગર જ સ્થળ પરથી રવાના થઈ ગયો હતો. બાદમાં યુવકે પાર્સલ ખોલીને તપાસ કરતાં તે આશ્ચર્યચકિત બની ગયો હતો. કારણ કે પાર્સલમાં ડિજિટલ પ્રિન્ટરના બદલે બે બલ્બ તેમજ કાગળમાં લપેટીને અંદાજે 15 જેટલી લખોટીઓ મૂકેલી હતી.



ઘટનાની જાણ થતાં યુવક સહિત આસપાસના લોકો ભેગા થયા હતા અને ડિલિવરી બોયને શોધી કાઢ્યો હતો. સાથે જ સંબંધિત કંપનીના અધિકારીઓને સ્થળ પર બોલાવી યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી પણ કરવામાં આવી હતી.

આ સમગ્ર બનાવ બાદ યુવકે અન્ય લોકોને અપીલ કરતા જણાવ્યું હતું કે ઓનલાઈન શોપિંગ કરતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે. ખાસ કરીને ડિલિવરી સમયે પાર્સલ ચેક કર્યા વગર OTP કે કન્ફર્મેશન ન આપવું જોઈએ, કારણ કે ઘણા કિસ્સાઓમાં વસ્તુઓ બદલી નાખવાના બનાવો સામે આવી રહ્યા છે.